શ્રી

શ્રીમાન બરવાની નરેશ મહારાણા શ્રી સર રણજીતસીંહજી
સાહેબ બહાદુર મહારાજાશ્રીત કે. સી. આઈ. ઈ.

શ્રી આર્યોદય નાટક સમાજ

વીર-કેસરી

નાટકનાં ગાયનો અને ટુંકસાર.

રચનાર ગૌરીશંકર ત્રીભુવન રાજકવી.

છપાવી પ્રસિદ્ધ કરનાર

બચુભાઈ શીવપ્રસાદ.

માલેક શ્રી આર્યોદય નાટક સમાજ.

આનંદભુવન થીએટર-અમદાવાદ.

આવૃત્તિ પહેલી—પ્રત ૨૦૦૦.

વિક્રમાર્ક ૧૯૭૯ સને ૧૯૨૩.

મૂલ્ય ૪ આના.

અમદાવાદ.

શ્રી 'ગણેશ' પ્રી. પ્રેસમાં ત્રીવેદી ઈશ્વરલાલ માણેકલાલે છાપ્યાં.

ઠે. પાંચકુવા રોડ, ચાર રસ્તા.

વીર કેસરી નાટકનો ટુંક સાર.

અંક પહેલો

પ્રવેશ ૧ લો—સ્થળ જેલમ નદીનો કીનારો, રાજરજવાડાઓની સભા, સીકંદર મહાન એલેકઝાંડરને નદી ઉતરતો અટકાવી યુદ્ધ કરવાની ક્ષત્રિ રાજકર્તાઓએ પ્રતિજ્ઞા કરવી, ઇંદીરાકુમારીએ યુદ્ધમાં વિજય મેળવનારને પરણવાની પ્રતિજ્ઞા કરવી જય માટે હીંદદેવીએ પ્રગટ થઇ આશીષ આપવી, સીકંદરના દુત એફ્રિસ્ટીયનને સભામાં બોલાવવો, દુતે રાજકર્તાઓને સંધી કરી માર્ગ આપવાનો સીકંદરનો પેગામ સંભળાવવો, પુરૂરાજ (પોરસ) પ્રમુખ સર્વ રાજકર્તાઓએ સીકંદરનો પેગામ નાકબુલ કરી યુદ્ધ આરંભવાનો જવાબ આપવો તેથી સીકંદરશાહ સાથે દુતે કરેલા સંકેત મુજબ એક તીલસ્માતીક સંદુક કે જે તોપ છે તેના જોરથી દુત સભામાંથી અંબાલીકા રાજકુમારીનું હરણ કરી ચાલ્યો જાય છે.

ટેબ્લો.

પ્રવેશ ૨ જો—સ્થળ રાજમહેલ પાસેનો રસ્તો, ગુણવંતી તથા સુહાસીની પોતાના પતિ કે જેઓ પરસ્ત્રીલંપટ છે તેઓને ભય પમાડી યુક્તિથી ઠેકાણે લાવવાની આપસઆપસ સલાહ કરે છે, તેવામાં ત્યાં રાહુમલ આવે છે, સુહાસીની તરફ પ્યારના ઉભરા કાઢે છે, સુહાસીની તેને મળતી થઇ પોતાને મુકામે આવવા કહે છે રાહુમલ જાય છે, બાદ પોકળસીંહ આવે છે, ગુણવંતી પ્રત્યે પ્યાર જાહેર કરે છે, તે પણ પોકળસીંહને પોતાના મુકામે આવવા કહે છે.

પ્રવેશ ૩ જો—સ્થળ જેલમ નદીને કીનારે સીકંદરની છાવણી એફ્રિસ્ટીયન અંબાલીકાને ફોસલાવી લાવી તેને શાહ સાથે સંધીના કરાર

કરવા સમજાવે છે ભય આપે છે, અંબાલીકા તે વાતને તરછોડી કાઢે છે, અંનેમાં રસાકસી, હથીયારોથી પરસ્પર હલ્લો કરે છે, સંકેત મુજબ સીકંદરશાહનું ત્યાં અચાનક આવ્યાનો ડોળ કરી આવવું એક્રિસ્ટીયનને જબરી કરતાં રોકવો, એક્રિસ્ટીયનનું જવું અંબાલીકા સીકંદરને જોતાંજ મોહ પામે છે, સ્વદેશ પ્રત્યેની લાગણી જતી રહે છે. સીકંદરશાહ અંબાલીકા પ્રત્યે માનભરી રીતે વિનય કરે છે. અંબાલીકા પ્રેમાસક્ત બની સીકંદરને અનુમોદન આપે છે. સીકંદર આશ્ચર્ય સાથે અંબાલીકાના મનનો ફેરફાર સમજી જાય છે. અને તેનો લાભ લઇ અંબાલીકા તરફ દીલસોજી જાહેર કરે છે, અંબાલીકા મરમાળી ભાષામાં શાહનો પ્રેમ માગે છે. સીકંદર વિષય વીલાસને ધીક્કારનાર હોવાથી અંબાલીકાની માંગણીને અંતરથી નાકબુલ કરે છે. પણ રાજ્યપ્રકરણીય નીતીને અનુસરી સમયાનુસાર અંબાલીકાના પ્રેમનો સ્વીકાર કરે છે. અંબાલીકા પંજાબ દેશ જીતાવી આપવાની, પુરૂરાજને કેદ કરવાની, તથા છુપી રીતે અચાનક હલ્લો કરવાની યુક્તિ બતાવે છે. બદલામાં પોતાના બંધુ તક્ષશીલને પંજાબનું રાજ્ય આપવા તથા ઈંદીરા રાજકુમારી તેની સાથે પરણાવી આપવાની શરત કરે છે. સીકંદર સર્વ કાંઇ કબુલ કરે છે. તેવામાં અચાનક નદીમાં મહાન જળચર પ્રાણી જેવું તરતું દેખાય છે. સીકંદર અને અંબાલીકા તે જોવા નદી કાંઠે જાય છે. જળચર પ્રાણી સ્ટીમરનાં રૂપમાં ફેરવાઇ જાય છે સેના સાથે પુરૂરાજ તેમાં માલમ પડે છે. સીકંદરને ભયભીત કરી પુરૂરાજ અંબાલીકાને છોડાવી જાય છે.

ટેબ્લો.

પ્રવેશ ૪ થો—સ્થળ ઈંદીરાનો મહેલ સુંદરી અને સાહેલીઓનો પ્રેમશૃંગાર સંબંધી આનંદી વાર્તાલાપ, ઈંદીરા તેમજ વિગેરે આવે છે

લશ્કરમાં ઉતરવા સૈન્યની વ્યવસ્થા કરે છે, તેમસીંહ પોતાના પુત્ર સરોજને દેશસેવામાં રજુ કરે છે. તેમસીંહને લશ્કર લઇ આવવા, જાસીનો હુકમ, ઇંદીરાનું આરામ માટે જવું. પૂર્વ પ્રેમી સરોજ અને સુંદરીનો પ્રેમી મેળાપ.

પ્રવેશ ૫ મો—સ્થળ તક્ષશીલનો મહેલ તક્ષશીલ ઇંદીરાને મેળવવા માટે યુદ્ધમાં વિજય મેળવવા નીશ્ચય કરે છે. ઇંદીરા આવે છે. તક્ષશીલની આસક્તી. યુદ્ધમાં વીજયી થવા ઇંદીરાનું કહેવું. તક્ષશીલ અંદર જાય છે. અંબાલીકાનું આવવું ઇંદીરા અને અંબાલીકાની સીકંદર સંબધે વાતચીત, અંબાલીકા ચાલુપતથી ઇંદીરાને ફોડવાની તજવીજ ચલાવે છે, ઇંદીરા તેનો આશય સમજી જાય છે, બન્નેમાં મતફેર વાદવીવાદ અને વીરૂદ્ધતા. ઇંદીરા જાય છે. તક્ષશીલ આવે છે અંબાલીકા તક્ષશીલને ભંભેરે છે. ઇંદીરા પુરૂને ચાહે છે, અને પ્રતિજ્ઞા કરી છે તે એક પુરૂના લાભ માટેજ છે, એવું ઠસાવે છે, બગીચામાં પુરૂ તથા ઇંદીરાને છુપા મળેલા બતાવી આપવાનો ઠરાવ કરે છે.

પ્રવેશ ૬ ઠો—ઇંદીરાનો બાગ, ઇંદીરા પુરૂ સંબંધે પ્રેમોદ્ગાર કાઢે છે, પુરૂરાજ આવે છે, ઇંદીરા તેને અંબાલીકાના ફરેબની હકીકત જણાવે છે, પુરૂ તેઓ ખુટેલને છોડી દેવા વીચાર રાખે છે, ઇંદીરા તક્ષશીલને હાથપર રાખવાની સલાહ આપે છે, પુરૂ તે સલાહ માને છે, અંબાલીકા તક્ષશીલ સાથે આવી પુરૂ અને ઇંદીરાને ગુપચુપ વાતો કરતાં બતાવે છે, તક્ષશીલ તે જોઇ વહેમાઇ ક્રોધ પામે છે.

પ્રવેશ ૭ મો—સ્થળ પોકળસીંહનો મુકામ, સુહાસીની પાસે

રાહુમલ — કામક્રીડાની માંગણી કરે છે. સુહાસીની તેને બનાવે છે.

સંકેત મુજ — ંતી પુરૂષ વેશમાં ત્યાં આવે છે. રાહુમલ છુપાય છે, ગુણ-

વંતી દર — નારના ઉટપટાંગ વાતો ચલાવે છે. ગુણવંતી જાહેર

થાય છે. ધારણા પ્રમાણે પોકળસીંહ આવે છે, રાહુમલ ગભરાય છે તેને બીનો પહેરાવી સુંદરી તરીકે રજુ કરે છે. ગુણવંતી ઘરમાં છુપાય છે, પોકલ અંદર આવે છે, સીરૂપે રાહુમલને જોઈ આસક થાય છે; સુહાસીની રાહુમલને ખુલ્લો પાડે છે, પોકલસીંહ વ્હેમ ખાય છે, સુહાસીની ઉત્સટીહાંગ પોકળના ગળામાં નાંખે છે, પરસ્ત્રી લંપટને પ્રત્યક્ષ પકડી પાડવાની યુક્તિ કરી છે, એમ સમજાવી પોકલને શરમીંદો બનાવે છે, રાહુમલ જાન બચ્યો સમજે છે.

પ્રવેસ ૮ મો—તક્ષશીલનો મહેલ, બેદીલ બનેલો તક્ષશીલ તેને અંબાલીકા આવી વિશેષ ઉશ્કેરે છે, સીકંદરથી મીત્રતા કરવા અને પુરૂને પકડાવી દેવા, ઈંદીરાને પકડી કબજે લેવા સલાહ આપે છે, વ્યગ્ર મનનો તક્ષશીલ ઈંદીરાને મેળવી આપવાની કબુલાત લઇ તેમ કરવા કબુલ થાય છે, ઈંદીરા આવે છે, તક્ષશીલ તેની પાસે પ્રેમ માંગે છે. ઈંદીરા પોતાની શર્તના સબબથી હાલ તેમ ન કરી શકવા લાચારી જણાવે છે તક્ષશીલ લડાઇમાં ન ઉતરવાને પોતાનો ઠરાવ જણાવે છે. ઇંદીરા ઉપાલંભ કરે છે, અંબાલીકા સંકેત પ્રમાણે સેના સાથે ઇંદીરાને કેદ કરે છે.

ટેબ્લો.

પ્રવેસ ૯ મો—જેલમ નદી કાંઠે કીલ્લો અંબાલીકાની યુક્તી મુજબ સીકંદર સેના સાથે નદી તરી આવે છે. હુમાનો શોર પોકાર થાય છે પુરરાજ બુઝ સેના સાથે આવી પહોંચે છે. યુદ્ધ થાય છે. પુરૂ સીકંદરને હંફાવે છે તેટલામાં પાછળથી આવી તક્ષશી[illegible] રાજને કેદ કરે છે.

ટેબ્લો. ડ્રોપ.

અંક બીજો.

પ્રવેસ ૧ લો—સ્થળ તક્ષશીલના મહેલમાં સીકંદરનો દરબાર વીજયના નૃત્યગીત. પુરૂરાજ પર અંતરની ચાહના હોવા છતાં કસોટી કરવા માટે ઉપરથી નારાજી બતાવવાની એફીસ્ટીયનને સુચના કરી તેને પુરૂરાજને બોલાવી લાવવા મોકલે છે. પુરૂરાજનું કેદી હાલતે આવવું, સીકંદરે તેને માફી માંગી સંધીના કરાર કરવા કહેવું. પુરૂરાજે તે વાત ઇન્કાર કરવી, શાહે છળથી કરેલા વિજયને નાકબુલ કરવો. સીકંદરે બહાનાથી પુરૂને સમજાવવા પ્રયત્ન કરવો. પુરૂએ તેથી ચલીત ન થતાં શાહને નીતીનો બોધ કરવો. સીકંદરે હમ કસવો. પુરૂએ દ્રઢતાથી તેનો જવાબ વાળવો. તલવાર બાજીની માંગણી, એલ્ફીસ્ટીયને અંબાલીકા તથા તક્ષશીલે પુરૂ સાથે તલવાર બાજીમાં ન ઉતરવા શાહને સલાહ આપવી, વીર ધર્મને અનુસરી સીકંદરે પુરૂરાજની માગણી માટે પ્રસન્તા જણાવી પુરૂરાજને મુક્ત કરી તેને તલવાર આપવી. પુરૂરાજ તથા સીકંદરનું દ્વંદયુદ્ધ. સીકંદરની હાર, એક ખાસ સરદારે શાહના બચાવમાં રહી પુરૂરાજને જખમી કરવો સીકંદરે સરદારના અનિતીના કૃત્યપર ક્રોધ કરી તેનો વધ કરવા જલ્લાદને કહેવું. પુરૂરાજે તેને ક્ષમા આપવા શાહને કહેવું સરદારનો જલ્લાદના હાથથી બચાવ.

ટેબ્લો.

પ્રવેસ ૨ જો—રાજકુમળનો મુકામ, સુહાસીની તથા ગુણવંતીનો સંકેત પોકળસીંહનું આવવું, કામકીડાના આતુરતા, ગુણવંતી બહાને [illegible] બીને વખત વીતાવવો, ધારણા પ્રમાણે સહુમતનું આવી લાગ [illegible] ળનું ભયભીત થવું, તેને પુતળું બનાવી ઉભો રાખવો, રાજુ [illegible] ંદર આવવું, પુતળું જોઇ વિસ્મય, ગુણવંતીએ

આપી જોઇને હેંસલો કરવા દેવો, શકુમલે જંગમ ખાઇ પુતળાંને તપાસવું. પોકળસીંહે ખુલ્લો પડવો. આ ગોટાળાનો ખુલાસો આગલો, ગુણવંતીએ શકુમલને ચતુરાઇથી ઉલટો સપડાવવો, સુહાસીનીને બહાર આણી શકુમલ ક્યાં છે તે પુછવું, શકુમલ તથા પોકળ બન્નેનું ગભરાવવું, સુહાસીનીએ શકુમલ પોતાને ચાહે છે, તેની વાત કરવી શકુમલે યુક્તિથી પોતાના બચાવમાં કોઇ બીજોજ મારો વેશ લેનાર તેને ચાહનાર છે એવો જવાબ દેવો અને તેને પકડી લાવી બતાવવાને બહાને ખસી નીકળવું. પોકળસીંહે ભય સમજી જઇ પશ્ચાતાપ કરવો. પોકળને ગુણવંતીની સીખામણ, સુહાસીનીપર પોકળનો પ્રેમ

પ્રવેશ ૩ જો—સ્થળ તક્ષશીલના મહેલમાં જેલનો ભાગ અંબાલીકા તથા તક્ષશીલ ઇંદીરા અને પુરુ મા કલહ કરવવાની યુક્તિ રચે છે, પોકળસીંહને ગામડીઆનો વેશ કરી કપટ પત્ર આપવા પુરુરાજ તરફ મોકલે છે, સીકંદરે ઇંદીરાને બોલાવવી, પુરુરાજના મરણની ખોટી ખબર આપી તક્ષશીલ સાથે પરણવા ફરમાન કરવું, ઇંદીરાએ તેથી આઘાત પામવો, તક્ષશીલને ધીક્કારવો, કસોટી કરી ઇંદીરાપર સીકંદરે મનમાં ખુશ થઇ તેને ઉપરથી દમ કરી તક્ષશીલને પરણવાનો વિચાર કરવા માટે એક રાતની મુદત આપવી. શાહનું જવું, તક્ષશીલે ઇંદીરાને સમજાવી દમ દેવો. ઇંદીરાએ દઢતા જણાવવી, બળાત્કારની તૈયારી, સરોજનું અચાનક આવવું, ઇંદીરાને બચાવી તક્ષશીલને કેદ કરવો.

ટેબ્લો

પ્રવેશ ૪ થો—સ્થળ, પુરુરાજનો મુકામ જખમી હાલતે પુરુરાજ નોકરીની વીચીત્રતા વીચારે છે, પોકળસીંહનું ગામડીઆ[illegible]ે આવવું પુરુરાજને પત્ર આપવો. પુરુરાજે પત્ર વાંચવો, ઇ[illegible] તક્ષશીલ-પર ઉપરનો પત્ર છે એમ જાણવું, પત્રની ખીજાથી [illegible] ા ઉદાસી

જવું, ઇંદીરા તક્ષશીલના ખ્યાલમાં છે, એવો વ્હેમ. પત્ર પાછો આપવો. પોકળે ભુલથી પત્ર અહીં આપ્યો છે એમ ખુલાસો કરવો. અને પત્ર લઇ જવો. ઇંદીરા તથા સુંદરી આવે છે, ઇંદીરા તરફ પુરૂરાજની છલ-કપટનો ખુલાસો, ઇંદીરાની દલીલ, પુરૂનો તીરસ્કાર, ઇંદીરાનો અફસોસ અને સીકંદર રૂબરૂ સચ્ચાઇ જાહેરમાં લાવવા ઠરાવ જણાવી જવું.

પ્રવેશ ૫ મો—રાહુમલનું મકાન, ગુણવંતી સુહાસિની તથા પોકળસીંહ રાહુમલને ઠેકાણે લાવવાની સૂચના રચે છે. પ્રોકળસીંહ રાહુમલનો વેશ લે છે, રાહુમલ આવે છે તેને નકલી તરીકે બનાવે છે. અસલ રાહુમલ તરીકે પોકળસીંહ રજુ થાય છે રાહુમલને આશ્ચર્ય અને જુઠાણામાં સપડાયા સંબંધી ખેદ, રાહુમલે પોતાનું ખરાપણું કહેવું, સહુએ તેને ફટકા મારી કાઢી મુકવો રાહુમલે નીરૂપાય સુહાસીનીને ચાહનાર પોતેજ છે, એમ કબુલ કરવું, હમશીકલ (મળતા ચહેરાનો) મેળાપ સમાપ્ત થવો. ભેળાળાના કારણરૂપ પરસ્ત્રી લંપટપણાના અપરાધ માટે પશ્ચાતાપ, બન્નેએ પોતાની પત્નીઓની નેક ચાલ માટે શીહાબીરી જણાવવી.

પ્રવેશ ૬ ઠો—સ્થળ, તક્ષસીલના મહેલમાં સીકંદરનો દરબાર, પુરૂરાજને બોલાવી છેવટ કસોટી કરી ખાત્રી કરવાનો સીકંદરનો વીચાર, પુરૂરાજને તેડી એલસીસ્ટીયનનું જવું. વેશ બદલો કરી ઇંદીરાનું આવવું, ફરીયાદ કરવી ન્યાય માટે સીકંદરનું વચનદાન મેળવી પોતાનું શીયળભંગ કરવાની પેરવી કરનાર સફસના સાક્ષી તરીકે

સીકંદરપર ... ગો તોહમત મુકવું સીકંદરનો હોલ, ઇંદીરાનું જાહેર
થવું, પુર ... આવવું, તક્ષશીલનું આવવું, સીકંદરે ઇંદીરાને
[illegible] રી ... [illegible] કરવા માટે દલીલ આપવી, પુરરાજ
પરેશો [illegible] ... તક્ષશીલને પેશ્વા કહેવું, પુરરાજને ઇંદીરાને [illegible]

હુકમ માનવા કહેવું, પુરૂરાજે તટસ્થ રહેવું, ઇંદીરાએ પુરૂરાજ તરફ પ્રેમ જાહેર કરવો, બાદશાહે પુરૂરાજને તટસ્થ રહેવા માટે તથા ઇંદીરાને હુકમ ન માનવા માટે ગુન્હેગાર ઠરાવી કેદ કરી વધનો હુકમ દેવો, ઇંદીરા તથા પુરૂરાજની ઉદાસીનતા શીક્ષા વ્હોરી લેવા તૈયાર થવું, સખ્ત કસોટી જલ્લાદોને ગરદન ધરવી સીકંદરનું તેઓની ધર્મનીતી અને દ્રઢતા માટે અત્યંત પ્રસન્ન થવું. શીક્ષા માફ. પ્રેમથી ભેટવું અને નેકીના બદલા તરીકે મીત્ર બનાવી સમગ્ર પંજાબનું રાજ્ય અર્પણ કરવું, આ બનાવથી અંબાલીકા તથા તક્ષશીલનું દ્વેષે ભરાવું, પોતાના ઇનામની માગણી, શહેનશાહે તેઓને તેઓનાં કૃત્યનું ભાન કરાવવા ઇનામને બદલે અપરાધી જણાવવો, તેથી ઉશ્કેરાઇ જઇ તક્ષશીલ સીકંદરપર હુમલો કરે છે. સીકંદર તેને ઠાર મારે છે.

ટેબલો. ડ્રોપ.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો—સ્થળ કોહીમાં પર્વતમાં રાજમહેલ, ઇંદીરા પુરૂરાજે તીરસ્કાર કર્યા સંબંધી શોચમાં સાહેલીઓનો વીનોદ પ્રસંગ, કેદી અંબાલીકાને લઈ સીકંદરનું આગમન, કપટપત્ર રજુ કરવો. અંબાલીકાની સુખજુબાની, પુરૂના મનનો સંદેહ જવો, અંબાલીકાનો ન્યાય, પુરૂરાજના માનને ખાતર અંબાલીકાને મારી. ઇંદીરા પ્રત્યે પુરૂરાજે પ્રણયમાં વ્હેમ કર્યા માટે ક્ષમા માગવી, અભેદ પ્રેમ.

પ્રવેશ ૨ જો—સરોજ સુંદરી સરોજનું આનંદી મીલન, લગ્ન માટે ઇંદીરા દેવીની આજ્ઞા મેળવવાનો પ્રયત્ન : ... ઠરાવ, પુરૂરાજનું આવવું, અંબાલીકાની ઢીલચાલપર નજર : ... રોજને મોકલવો.

પ્રવેશ ૩ જો—અંબાલીકા સીકંદ ... ભાઈને માર્યો.

તે માટે તથા પોતાના અપમાન માટે વરના વીચાર કરે છે. પોકળસીંહ તથા રાહુમલે તેમાં મદદ કરનાર તરીકે ચીસ સરદાર કે જેને સીકંદરે શીક્ષા કરી હતી, તેને લાવી મેળવેલો છે. તે સર્વે મળી સીકંદરના ખુનનો ઠરાવ કરે છે, અને તે ખુન કરાવવા માટે સીકંદરના અંગરક્ષક સૈનીક અમલદારને કહેવામાં આવે છે. અંગરક્ષક એ અમલદાર આ કામ માટે ના કહે છે. જેથી અંબાલીકા તથા સરદાર અમલદારોનું ખુન કરવા તત્પર થાય છે, શાહી અમલદારોનું ખુન, સરોજનું આવવું ભેદ જાણી લઈ શાહને બાતમી પહોંચાડવા જવું.

પ્રવેશ ૪ થો—સીકંદરની છાવણી, સીકંદરને પુરૂરાજ તથા સરોજ આવી હાવતરાની જાણ કરે છે, યુક્તિ ગોઠવવી, સર્વેનું છુપાઈ જવું, ખુનીઓનું આવવું, સીકંદરની જગોએ સીકંદરના આવવાપર ધા, સીકંદર તથા પુરૂરાજે ખુનીઓને પકડવા.

ટેબલો

પ્રવેશ ૫ મો—સ્થળ શાહના ખુનના અંજામની વાટ જોતા રહેલા પોકળસીંહ તથા રાહુમલને સરોજસીંહ તથા એલફીસ્ટીયન સહાયથી પકડે છે.

પ્રવેશ ૬ ઠો—સીકંદરનો દરબાર, સીકંદર પુરૂરાજ તથા ઇંદીરા વીગેરે સમક્ષ પકડાએલ અંબાલીકા તથા ચીસ સરદાર વગેરેને લાવવામાં આવે છે પાપીઓનો ન્યાય, પાપીઓનો પૂર્ણ પશ્ચાતાપ, દેશદ્રોહી અંબાલીકાનો મરીને પ્રાયશ્ચીત કરવાનો ઇરાદો, ઓરત જાણીને તેને બચા[illegible] સીકંદરનો ઇરાદો, પુરૂની તેમાં સંમતી, આનંદ પ્રસંગના માનમાં [illegible]ગને ક્ષમા, સીકંદરે નેકીવંત ક્ષત્રીનરોની કદર બુઝવી, પુરૂરાજની [illegible]ની સલામતી તથા પુરૂરાજ અને ઇંદીરા તેમજ સરોજ સું[illegible]તમેળાપ શુભાશીર્વાદ. ઇતિ શુભમ.

શ્રી વીરકેસરી નાટકની પાત્ર સંકલના.

પુરૂષ વર્ગ.

સીકંદર ... (મહાન આલેકઝાન્ડર)	...	ગ્રીસ દેશનો જગતજીત બાદશાહ.
પુરૂરાજ (પોરસ)		...પંજાબ લાહોરનો મહારાજા.
તક્ષશીલ...	...	...પંજાબ પૈકી એક ભુપતી.
એલફીરટીયન	...	...સીકંદરશાહનો દુત
ગ્રીસીયન સરદાર ...		...સીકંદરનો અંગરક્ષક અમલદાર
તેગસીંહ ...	...	...ઇંદીરા કુમારીનો સેનાપતી
સરોજસીંહ	...	...તેગસીંહનો પુત્ર
પોકલસીંહ	...	તક્ષશીલના ખંડીઆ રાજાઓ
રાહુમલ ...	...	તક્ષશીલના ખંડીઆ રાજાઓ

સ્ત્રી વર્ગ.

ઇંદીરાદેવી	...	...કોહીમાં પર્વતની રાણી
અંબાલિકા	...	...તક્ષશીલની બહેન
સુંદરી ...	...	...ઇંદીરાની સખી
સુહાસીની	...	...પોકલસીંહની સ્ત્રી
ગુણવતી...	...	...રાહુમલની સ્ત્રી

સ્થળ—પંજાબ—લાહોર—તક્ષકનગર.

શીવાય દરબારી, લશ્કરી, દાંડપાળ અને ... વીગેરે.

શ્રી

વીર કેસરી

નાટકનાં ગાયનો.

સુત્રધાર— ૧

ૐ શ્રી બંસીધારી બ્રજપતિ બનમાલી
બલીહારી બલીહારી વંદુ વહાલા વારી વારી
મંગલ મુરત પ્રભુ પ્રિતી વારીધી
પાહી પાહીહે પ્રાર્થ સારથી શ્રેયના નીધી
તવકૃતિ રસવતી કરકરધારી હરિ સુણી વિનંતી
મહદ વરદ પદ તમારૂ સફળ કરો—સીદ્ધ કરો
કામના હે શ્રીપતિ—

બાળાઓ— ૨

તીર તરકસ તન ધરીને શુરવીર રણધીર આવ્યા
દેવ દુંદુભી ગડગડીયાં પ્રીતેથી સુર સુંદરીએ વધાવ્યા
અટલ અડગ ભીષણ પણ દેશ હીત લીધ
કેસરીયાં કરી રણમાળા ધરી અભય પ્યાલા પીધા
શીર સોપ્યાં દેશ દાઝમાં સુખે સુયશ વહોરી લીધા
જગ ર નામ કીધાં એવા દેશ ભક્તએ—વીરવ
સ્વતંત્ર પૂર્ણ પ્રભાકર કેસરી બળવંતા
ધર્મ ! ધર્મ ધુરંધર મહારથી મહમાલા

હિંદ માતાના પુત્ર પનોતા અનમીને આટંકા
દેશે દેશ દીધા ડંકા એવા બહાદુર બંકાએ—તીર૦

રાજ મંડળ— ૩

જય રહો જય રહો હીંદના નરેશનો સ્વદેશનો
સદાય જય રહો.
હાં દેશની સ્વતંત્રતા શ્રેષ્ટતા સ્વાધિનતા
કાયમ દાયમ રહો— જય રહો.
માતૃ સેવાના પ્રસાદથી ધર્મ નીતિના પ્રતાપથી
યશ વરો શુરનરો જંગે ચડો—

ગુણવંતી— ૪

અરે ઓ હીંદ હિતેચ્છુ હીંદના લગનની રીત સુધારો
લાયક જોડલાં મેળવો જેથી થાય સંસાર સુખાળો—અરે.
બાળ લગ્ન ને વૃદ્ધ લગ્ન કે પૈસાના લગ્ન થાય
ગુણ સ્વભાવ વિરૂદ્ધ લગ્નથી દેશનો દાટ વળાય
હાય લાગે અંતર લ્હાય—અરે૦
હીરાના હાર ને મોતીની માળામાં નથી સંસારમાં સુખ
અમો જેવી નવ યૌવના નારીને જુગતી જોડી વિના
દુઃખ દુઃખ સંસાર માંહે ન સુખ—અરે૦

ગુણવંતી— ૫

આપ પાપડ વાડીમાં પધારજો લ્હેરીલાલ
મંદીરની સામે મકાન છે, નીચે દેશી દારૂની દુકા
રંગરંગીલી ચાલ મારી પાડોશમાં તુળશી ક્યારા ન છે
(જગમાં) તુળશીના ઝાડનું નીશાન છે—લ્હેરી

અખંડને અભંગ આજ સાંજ પહેલાં આવજો
હડતાળવાળાનું તોફાન છે જબરૂં હડતાળવાળાનું
તોફાન છે—લ્હેરીલાલ૦
પોકલ—જોખમ ભરેલું કામ પુરી પંચાત છે ધાસ્તી છે
આફતમાં જાન છે, મારા બાપ ધાસ્તી છે—લ્હેરીલાલ૦

અંબાલીકા— ૬

સુંદર ગોરી ગોરી છબી આ લાગે પ્યારી
હાંરે મારા પ્રેમી પાતળીઆજી તનમન તમપર વારી
પ્રણય પરિક્ષક છો દીલદરીઆદર્શ પામી મુજ લોચન
ઠરીયાં.
પ્રીતે પળજો સુખકર નોતમ ન્યારા
ના ભુલી જાશો મનહર મોહન મારા
હાંરે મારા મંદીર વસીયા બની પ્રીયની પુજારી

સાહેલીઓ— ૭

રે બની જુવતી જોબન ઉભરાતી
સુંદર શું સોહાતી, મદન મદમાતી-રે બની
મનહર મયંક મુખ મુગ્ધા મધુરી
અલબેલી ઇંદ્રની પરી
અંજન નયન નેહ ભીનાં રસીલા
ભ્રકુટીમાં ભુરકી ભરી મોહન મંત્ર મારે છે જાદુગરી
ગોરઅંગ રંગ ઢંગ દેવ સુંદરી—બની

સા[illegible] ંદરી— ૮

મીઠા મીઠા રસ પ્યાલા પાશે રસીલા લાલા

સુંદરે-અરે જારે જા જાણ્યા સહુ ઢંગ તમારા
સાહેલી-આનંદે લેશો દેશો રસિકા રતિ લ્હાવા
સુંદરી-જાણું ના કાંઇ બાઈ વચન વદો શું આવાં
સાહેલી-પ્રિયતમ તનમન હરનારા
        નટખટ છલબલ ભરપુર રસખાણુ જ્ઞાન વાન
સુંદરી-છોડો ચાળા-ચીડા

સુંદરી સરોજ— ૯

સુંદરી-હાંહાંરે દર્શન દેજોરે સુધ લેજો રે છબીલા પ્રીય પ્રાણ
સરોજ-હાંહાંરે હરદમ તારીરે રઢ લાગીરે માર્યા તે મોહબાણ
સુંદરી-હાંપ્રીયતમ અનુપમ છો નગીના મારા તનમનછું કુરબાન
સરોજ-હાં દીલભર અમુલખ છો હૈયાના હીરા સુખકર છો
                                        રસખાણુ—હાંહાંરે૦
સુંદરી-સૌભાગ્ય શણગાર મારા તનમનના માલીક મારા
સરોજ-પ્રીતિની પીયુષધારા પ્રીયતમના જીવન પ્યારાં
સુંદરી-વારી વારી જાઉં હું બલીહારીરે મન મોહન લાલા
સરોજ-પ્યારી પ્યારી લાગેશી છબી તારીરે દીલ હરણી દારા
સુંદરી-પાઇ છે પ્રેમ બુટી
સરોજ-દીધું છે દીલ લુંટી
સુંદરી-એમ ?
સરોજ-હા.

ઇંદીરા— ૧૦

        જારે જારે કોયલ કાળી તારી ટહુકે
        લાગે અકારી જખમકારી—જારે

વીસ્કીજીને શીહ વીહારે
શાર જેવા સ્વર શાને ઉચ્ચારે
બળતીને બાઈ બહુ શું બાળે
લાગે કલેજે કટારી—મારે મારે.

સુહાસીની- ૧૧

કેવો ખાધો ગોળને સારૂં ખોળ હાંર ધીક ધીક
હરાયા ઢોર હવે તમે હાથમાં આવ્યા ચોર
તમોને જોઈ હું લાજી

પોકળ—ઓતો જરા કરતો હતો હું તાલ તમો આવું ચુકું
ચઢાવો ન આળ

સહુ-જુઓ મારા કરડી ખાધા ગાલ પુરાવો સાફ છે હાજી
સુહાસીની-પીંજરામાં પકડાયો ઉંદર
સહુ-ફાવવા જતાં ફસાઈ પડયો
પોકળ-આવી છે આફત આમ
સહુ-કેવી દીધી થાપ બેટાજી આમ-
પોકળ-પાજી આવી દગલબાજી-

ઈંદીરા— ૧૨

હું પદ તજો હરાની દુનીઆ નથી સદાની
જર જોર ને જુવાની સહુએ થવાની ફાની
સાચે પલાહ માનીરે કરણી કરો મજાની
મમ ને માણી સહુ અંતે ધુળધાણી
આ ંદુગાનીરે સ્વપ્ન સમી દયો જાણી

કોઈ આજ કોઈ કાલે પરલોક પંથ ચાલે
જમદૂત આવી ઝાલેરે દુનીયા ડુબી જવાની

અંક બીજો.

વારાંગનાઓ— ૧૩

જયવીર મહા રણધીર સીકંદરશાહ સદા જયવંત રહો
દીલ રહેમતે પ્રેમથી પુર્ણ રહો બળ બુદ્ધિ પ્રતાપ અનંત રહો
યશ સુયશ છવાઈ રહો તુજ ગાન ગુણીજન ગાઈ રહો
તુજ આણુ અખંડ દીપાઇ રહો નીત મંગળ હર્ષ વધાઇ રહો

વારાંગનાઓ— ૧૪

પ્યારી આજ ધન્ય ધન્ય સુખકર અવસર
બેઠા તખ્તપર આલીજા નામવર
ચમકત દુહાઈ જેની જગ સુવિમળ
ગુણ ગાઈએ નરનારી જઈએ વારી બલીહારી
આવો સખીરી કીજે નૃત્યગીતવર

ગુણવંતી— ૧૫

થન ગન થૈયા (૨) નાચો નચૈયા નાચો
સાખીને સુરતાલ ઝરીન ગીનધા (૩) હા હા
તમે વેશ મઝાનો લાવ્યા
રાહુમલ—તમે લાગો છો હડકાયા
ગુણવંતી—તમે ભલા લાગમાં ?
ઠીક આવ્યા ખુબ આવ્યા બેઠ

પોકળ—હાફ્રનો ખાવા માર-થન ગન
ગુણવંતી—તમે પુરા છો પુણ્યશાળી
રાહુમલ—મળી તક સોનેરી સારી
પોકળ—અમો ફરવા જોઈ પરનારી રે હાય નારી
વોય નારી ઉફ નારી
ગુણવંતી—ઓરા આવોને લાલ
રાહુમલ—ગદી ગીનધા (૩) થનગન

ગુણવંતી ૧૬

ઠાકોરશ્રી ઠેકાણે આવ્યા
બહુ પસ્તાયા દોડી દોડીને ધરાયા—ઠાકોરશ્રી
સુહાસોની—આશીરવાદે અર્થ સરેના ભયથી કામ સરે છે
એ ન્યાયે અમ સ્વામી નાથને જુગતીથી સપડાવ્યા
શરમાવ્યા સમજાવ્યા—ઠાકોરશ્રી
ગુણવતી-સીધી આંગળીએ ઘીના નીકળે
વાંકી બીજ પુરુષએ શઠની સાથે શઠતા કરવી
એ જગ વચન વદાયાં વંચાયાં કહેવાયાં—ઠાકોરશ્રી

ઇંદીરા— ૧૭

બાંધી આશા પ્યારા તારાં પ્રેમમાં
નષ્ટ આશા આજે મારા પ્રેમમાં
ખત મુશ્કીલ ધર્મ સાચા પ્રેમનો
આપું પ્રાણ પ્રેમમાં
તી તેજ જાણે આ સીતમ
તી લાગી જવાળા પ્રેમમાં

દીલમાં આવે છે કે જોગણુ હું બનું
થઈ દીવાની દીનદારા પ્રેમમાં

પોકુળ-ગુણવંતી— ૧૮

જોખોરે ફટકાથી જોખો (૨) પુરેપુરા હાં પોખોરે
એને કરી નાંખોને ચોખો ફટકાથી જોખો

રાહુમલ—જોજોરે દુનીઆના લોકો જેવા જેવો મોકોરે
આની ક્યાં મુકવી પોકો પોકોરે દુનીઆના લોકો
શીયાળવું ઘર ધણી થઈ બેઠુ બંએ બંબજ ચાલ્યુ

ગુણવતી—જુઠું બોલવા જાતાં જો જો ઉલટુ ઉંધુ માર્યુ

પોકલ—અસલીઓ પીટાય બંદા નકલીયો હરખાય

રાહુમળ—બેરૂ આંધળે કુટાયરે દુનીઆના લોકો-જોખોરે.

સુહા— ૧૯

મારે લેવી મોજડી (૨) મઝાની લેવી મોજડી.
સીતારીઓવાળી રેશમ જેવી રૂડી.
ઓ પ્યારા ચાહે તારી જીંદગી વેચાય—મારે લેવી.

ગુણવતી—મારેલેવી મોજડી. (૨) લાહોરી રૂડી મોજડી.
જરીથી ભરેલી ફુલથીએ હલકી.
ઓપ્યારા ચાહે તારૂ લીલામ થઈ જાય—મારેલેવી.

રાહું—ચાલો લઈ દઉ મોજડી (૨) બસ ચમચમ બોલે
મોજડી. સ્લીપર કાળી દીલ પસંદ રૂડી.
ઓ પ્યારી મોજડીની શીછે વીસાત—ર'લો

ગુણવતી—મારેલેવો ઘાઘરો (૨) ઘેરાળો ઘાઘરો
ઘુઘરીઓ વાળો રંગ બેરંગી રૂડો
ઓ પ્યારા ચાહેતારો બંગલો લે રેલેવો

પોકલ—ચાલ તને લઈ હઉ (૨) દીલદાર તને લઈ હઉં
સોનેરી સાડી ખાસ બનારસની.
—ઓ પ્યારી ઘાઘરાની શીછે વીસાત—ચાલતને

૨૦

ડાચી વાલીયા મોડ મોહારવે નયના વાલીયા લેચલ નાલવે
તેરી ડાચી દે ગલ વીચ તનીયા મંચતો પીર મનાવન ચલીયાં
કર આશકદા બેડા પારવે.......દે ડાચી
તેરી ડાચી દે અજબ સીંગારવે સાનું દેદે રોજ દીદારવે
ડાચી વાલીયા મોડમુહારવે એ નેંના વાલીયાં લેચલ નાલવે
તેરી ડાચીદે પ્યારે નયેંનરે શાનુ દેખે બીન નાહીં ચેંનવે
કર આશકદા બેડા પારવે.......દે ડાચી.

ઇંદીસ—　　　　　૨૧

જબ દીલ ન હો કાબુમેં તો કયા મેરી ખતા હય યેહ શાનેખુદાહુય
સચ હય એ મહોબ્બતમેં કીસીને કહા હય આફત હય બલાહય
આશારે મહોબ્તસે તો અલ્લાહી બચાએ યેહ ગમ ન દીખાએ
યેહ દર્દ વો હય જીસકી નહી કોઇ દવા હય બેકરાર હુઆ હય
શયદાકો લગે કોસને અંદાજ તો દેખો કુછ ઓર તો કરો
મરના હય તો મરનેકે સીવા કોન જીયા હય આખીરકો ફના હય

અંક ત્રીજો.

ઇંદીરા—　　　　　૨૨

બુ　　છેલા અલબેલા સાહેબા,
　　ની લગાડી લલના,

ઇન્દ્રેશ—થયા છે પ્રતિ આ તનન.
ચરણુ શરણુ તમ તારણુ તરણુ મમ
હાં...રૂડા રઢીઆળા શામળા-હાં છેલા
રતિને કામ જેમ એક રૂપ પ્રેમમાં છે
પુરૂ—પુરના પ્રાણુ પ્યારી ઇન્દીરાના પ્રેમમાં છે
ઇન્દીરા—રસીલા રામ મારા સર્વદા સમીપ રહેજો
પુરૂ—બની મમ ઉર્વશી સદા પ્રિતિનું દાન દેજો
ઘડી પણ નવ કરૂં ન્યારા સુખકર સુંદર વર મારા
મગન મગન મન વરસ્યો આનંદ ઘન
હાં.......રૂડા રઢીઆળા શામળા—હાં છેલા

સુંદરી— ૨૩

બની સુંદર અલબેલા લાલ, ધરીને વ્હાલ
આવો ઉમંગમાં
સરોજ—બન્યો આતુર અલબેલી આજ, સફળ કાજ
આનંદ અંગમાં—બની
લગન પુરી લગાડી તેં કૃતાર્થ કરી
સુંદરી—નવલ વેલી પ્રેમી તરૂવર સાથ વરી
સુણી અમૃત સમ વેણુ પ્રાણુ છે ગુલતાન
પ્રીતિ તરંગમાં બની સુંદર-
કામણુ કર્યાં શાં કહોને છબીલા, ભામાને [illegible]ળવી આમ
સરોજ—ઉત્તમ અમુલા ગુણે કરીને, ગે[illegible]રીં તેં ગુલામ
સુંદરી—સુખના મધુરા બાગ બાગે [illegible]ગ—બની૦

સહુ— ૨૪

આફતનો જમાનો આવ્યો ભારે ઉપજ્યો ભે
નથી ઉગરવા આરો ચારો આમ આફત છે

પોકળ—ઢોર હરાયા ડબે પુરાયા અંકે નગ બે
કડાં લોઢાનાં જડયાં હાથમાં ઠણુઠણુ ઠણુઠણુ કે
પાપી કયાં જઇને કે તેને કોઇ દાદ ના દે
ચારો આમ આફત છે

સરોજ—કરણી તેવી પાર ઉતરણી ઓદે તેજ પડે
ભલાં ભુંડાંનો બદલો ભગવત દીધા વીના ના રે–પાપીકયાં

એકૃસ્ટિયન—વેશ કર્યા બહુ રૂપી બનીયા લંપટતા કાજે
મોટાં ઘરના થયા પરોણા સપડાયા અંતે
હવે કોઇ દાદ ના દે તારો થયા પાપથી એ–ચારો આમ

ઇંદીરા— ૨૫

થવાનું ના થવાનું કહે, નજુમી કોણ એવો છે,
ન જાણ્યું જાનકી નાથે, સવારે શું થવાનું છે?
હતી શલ્યા રૂપે અહલ્યા, જગતમ વાત જાહેર છે,
ન જાણ્યું જ્ઞાની ગૌતમે, સવારે શું થવાનું છે?
હતા કૌરવ અને પાંડવ, જગતમાં મહાબળી યોદ્ધા,
ન જાણ્યું ભીષ્મ જેવાએ, સવારે શું થવાનું છે?
રમ્યા જુગટું સહુ સાથે, વિનતી સૌ ગયા હારી,
ન ' ર્યું ધર્મ જેવાએ, સવારે શું થવાનું છે?

શાન્તિ શાન્તિ.

સમાપ્ત.

જાહેર ખબર.

અમારી કંપનીનાં નીચલાં નાટકોનાં ગાયનોની ચોપડીઓ જ્યાં અમારો મુકામ હશે ત્યાંથી નીચલી કીંમતે રોકડેથી અ-થવા વેલ્યુપેબલ પાર્સલથી મંગાવાથી મળશે.

ચોપડીનું નામ.	કિંમત.	ચોપડીનું નામ.	કિંમત.
વીર–અજીત ...	૦–૪–૦	ન્યાયસીંધુ	૦–૪–૦
જયાકુમારી... ...	૦–૪–૦	ધર્મજોશ	૦–૪–૦
અહલ્યાબાઈ ...	૦–૪–૦	સતી–સવિતા ...	૦–૪–૦
સીદ્ધ સતાનંદ ...	૦–૪–૦	રંગતરંગ	૦–૪–૦
ચંદ્રગુપ્ત	૦–૪–૦	ભારતવીર	૦–૪–૦
વીર–કેસરી... ...	૦–૪–૦	વીર–રમણી ...	૦–૪–૦
સ્વયંવર	૦–૪–૦	પ્રેમ મધુરી... ...	૦–૪–૦
બભ્રુવાહન... ...	૦–૪–૦	યોગમાયા	૦–૪–૦
આત્મબળ... ...	૦–૪–૦	મહાત્મા તુલસીદાસ	૦–૪–૦
સમ્રાટ અશોક ...	૦–૪–૦		

બચુભાઈ શીવપ્રસાદ
માલેક
શ્રી આર્યોદય નાટ